# જાહેર નોટિસ

## મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૪ (ડુંભાલ-મગોબ)

નગર રચના યોજના સુરત નં. ૬૪ (ડુંભાલ-મગોબ)નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૨/૨૦૦૮, તા. ૦૫/૦૩/૦૮ થી ઈરાદો જાહેર કરેલ છે. જે અન્વયે ઉક્ત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના સુરત નં. ૬૪ (ડુંભાલ - મગોબ)

મોજ : ડુંભાલ બ્લોક નં. ૬૫, ૬૬, ૭૧/૨ પૈ, ૭૩, ૭૪ થી ૮૧, ૮૨/૧, ૯૪, ૯૫.

મોજે: મગોબ, બ્લોક નં. ૧ થી ૩, ૧૦/૧, ૧૦/૨, ૧૧ થી ૫૭, ૫૮/૧, ૫૯, ૬૦, ૬૧/૧, ૬૧/૨, ૬૨ થી ૬૮, ૭૮, ૧૪૦ થી ૧૫૪.

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત બ્લોક નંબરો ના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઉતારા નં. ૭-૧૨ ની નકલ.

(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઈડ બે નકલ (ડી.આઈ.એલ.આર.ની નકલ)

(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજુરીની સર્ટીફાઈડ નકલ.

(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજા ચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.

(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવ, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજુ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઈ કારણસર જો તેઓને ઉક્તપત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખથી દિન-૧૦ (દસ)માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગરે સેવા સદન, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઈ ક્ષતિ થશે, તેની જવાબદારી અત્રેની રહેશે નહી. જેની નોંધ લેશો.

નં. પી આર ઓ/૫૬૫/૦૭-૦૮
તા. ૧૦/૩/૦૮

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**મોજે : કુંભાલ-મગોબ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૬૪ (કુંભાલ-મગોબ) તૈયાર કરવા બાબત**

## અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭-૧૨-૦૬ના હુકમ ક્રમાંક :યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ કલમ-૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૧૨/૨૦૦૮, તા. ૦૫-૦૩-૨૦૦૮થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૬૪માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ કુંભાલ-મગોબ વિસ્તાર માટે નગર રચના યોજના, સુરત નં. ૬૪ (કુંભાલ-મગોબ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટિસ બોર્ડ પર, સુરત મહાનગર સેવા સદન, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

**કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

સુરત.
**તા. ૧૬-૦૩-૨૦૦૮**

## ઠરાવ

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૦૫-૦૩-૨૦૦૮નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૨૯-૦૨-૨૦૦૮ના પત્ર નં. સી.પી.સ./૮/૪૧ થી વિદિત થઈ, સૂચિત નગર રચના યોજના, સુરત નં. ૬૪ (કુંભાલ-મગોબ) તૈયાર કરવા અંગે ફાઈલમાં સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના, સુરત નં. ૬૪ (કુંભાલ-મગોબ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસૂચન મંજુર કરવાનું, તથા સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સક્ષમ સત્તાની મંજુરી મેળવી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૨/૨૦૦૮ સર્વાનુમતે મંજુર**

**નં. પી.આર.ઓ./૫૬૫/૦૭-૦૮**
**તા. ૨૦-૦૩-૦૮**